For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સંકલનથી લઈને સ્થાયી સમિતિ સુધી હોબાળો

કોન્ટ્રાક્ટરોને છાવરવા માટે ચેરમેને સભ્યો સાથે કરી બોલાચાલી!

પાલિકાના ચેરમેનને જાણે પ્રજાના હિત કરતાં કોન્ટ્રાક્ટરોની દરખાસ્તો મંજૂર કરવામાં જ વધુ રસ હોય તેવો ઘાટ સર્જાયો; ભાણજી પટેલ પણ બેઠક છોડીને રવાના

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાયી સમિતિની બેઠકમાં ચેરમેન વર્ષાબેન વ્યાસ દ્વારા ઈજારદાર ની તરફેણ કરવામાં આવતી હોવાના આક્ષેપો અને ચર્ચાઓ સામે આવી છે. સંકલન અને સ્થાયી સમિતિની બેઠકમાં જ્યારે દક્ષિણ અને પૂર્વ ઝોનમાં વરસાદી ગટરની સફાઈ અને મેઈન્ટેનન્સ માટે 'ખુશી એન્ટરપ્રાઈઝ' નામના ઈજારદારને વધુ રૂ. ૨.૧૦ કરોડની નાણાકીય મર્યાદા વધારી આપવાની દરખાસ્તો રજૂ થઈ, ત્યારે ભારે વિવાદ સર્જાયો હતો.

સભ્યો દ્વારા એવો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો કે ઈજારદાર દ્વારા અગાઉ વોર્ડ નં. ૪ માં તકલાદી કામગીરી કરવામાં આવી હોવા છતાં અને વારંવાર સમયમર્યાદા કે નાણાકીય મર્યાદા વધારવાના નિયમો વિરુદ્ધ જઈને તંત્ર દ્વારા દરખાસ્તો મૂકવામાં આવી રહી છે. સભ્યોના વિરોધ છતાં ચેરમેન વર્ષાબેન વ્યાસ દ્વારા ઈજારદારના કામો મંજૂર કરવાની તરફદારી કરવામાં આવતી હોવાનું જણાઈ આવ્યું હતું.

આ જ મુદ્દે જ્યારે સભ્ય નીતિન ડોંગા દ્વારા બ્રીફિંગ કરવામાં આવી રહ્યું હતું, ત્યારે ચેરમેનને તે પસંદ ન આવતા તેમણે અટકાવ્યા હતા. જેના કારણે રોષે ભરાઈને સભ્યએ ચેરમેનને ઉદ્દેશીને કહ્યું હતું કે, "તમે ચેરમેન છો, તો હું પણ સ્થાયી સમિતિનો સભ્ય છું. અમારે બ્રીફિંગ ન હોય તો તમે જાતે સ્થાયી સમિતિ ચલાવી લો". આ સમગ્ર ઘટનાક્રમ પરથી જનપ્રતિનિધિઓના હિતો કે જાહેર જનતાના કામો કરતાં ઈજારદારોની મર્યાદા વધારવા અને કોન્ટ્રાક્ટરોને છાવરવામાં ચેરમેન દ્વારા વધુ રસ દાખવવામાં આવતો હોવાની ચર્ચાઓ પાલિકા વર્તુળોમાં જોરશોરથી ઉઠી છે.



ચેરમેનનો એકચક્રી શાસન ચલાવવાનો પ્રયાસ: કમિશનરને પણ સંભળાવી દીધું!

સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્થાયી સમિતિની બેઠકમાં ખુદ ચેરમેન વર્ષાબેન વ્યાસ સાથે જ સભ્યોની ઉગ્ર બોલાચાલી થઈ હતી. ચેરમેન માત્ર પોતાનો જ કક્કો સાચો સાબિત કરવા માંગતા હોય અને કોઈ સભ્યનું સાંભળવા તૈયાર ન હોય તેવું વલણ સામે આવ્યું છે. પાલિકામાં એવી પણ ચર્ચાઓએ જોર પકડ્યું છે કે વર્ષાબેન પોતે સ્વતંત્ર નિર્ણય લેવાને બદલે અન્ય કોઈના 'દોરી સંચાર'થી કામ કરી રહ્યા છે. વિવાદ એટલી હદે વધી ગયો હતો કે કેટલાક ઠરાવોની ચર્ચા દરમિયાન વર્ષાબેન વ્યાસે મ્યુનિસિપલ કમિશનરને પણ જાહેરમાં સંભળાવી દીધું હતું અને કેટલીક બાબતોમાં સ્પષ્ટપણે ના પાડી દીધી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે.

IQAC, પરીક્ષા વિભાગ અને દિવ્યાંગજન સંસાધન કેન્દ્ર માટે નવી નિમણૂકો

દિવાળી પહેલાં MSUમાં ત્રણ મોટા વહીવટી ફેરફાર, નવા અધિકારીઓને જવાબદારી સોંપાઈ

કુલપતિના નેતૃત્વમાં વહીવટી વ્યવસ્થા વધુ મજબૂત બનશે

યુનિવર્સિટીની પ્રાથમિકતા, ગુણવત્તા, પારદર્શક વહીવટ અને વિદ્યાર્થીકેન્દ્રી અભિગમ

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં શૈક્ષણિક અને વહીવટી કામગીરીને વધુ સુચારુ બનાવવા દિવાળી પહેલાં ત્રણ મહત્ત્વપૂર્ણ વહીવટી નિમણૂકોની જાહેરાત કરવામાં આવી છે. કુલપતિ પ્રો.ડો. ભાલચંદ્ર મહાદેવ ભાનગે દ્વારા યુનિવર્સિટીના હિતને ધ્યાનમાં રાખીને આ નિમણૂકો કરવામાં આવી છે.

યુનિવર્સિટીના આંતરિક ગુણવત્તા ખાતરી સેલ (IQAC)ના ઈન્ચાર્જ



ડિરેક્ટર અને પરીક્ષા નિયામક તરીકે ફરજ બજાવતાં પ્રો. ભાવના મહેતા તા.8 નવેમ્બરે વયનિવૃત્ત થઈ રહ્યાં છે. તેમના સ્થાને ભૌતિકશાસ્ત્ર વિભાગના પ્રો. પી.કે. ઝાની IQACના ઈન્ચાર્જ ડિરેક્ટર તરીકે નિમણૂક કરાઈ છે. તેઓ તા.9 નવેમ્બરથી કાર્યભાર સંભાળશે અને શૈક્ષણિક ગુણવત્તા, સંસ્થાકીય મૂલ્યાંકન તથા માન્યતા પ્રક્રિયાનું સંકલન કરશે.

બીજી તરફ, ટેક્નોલોજી અને એન્જિનિયરિંગ વિદ્યાશાખાના એસોસિયેટ પ્રોફેસર ડૉ. જે.ડી. રાઠોડને ઈન્ચાર્જ પરીક્ષા નિયામક તરીકે તાત્કાલિક અસરથી નિયુક્ત કરાયા છે. તેઓ પરીક્ષાઓના આયોજન, સંચાલન અને વહીવટી કામગીરી સંભાળશે.

આ ઉપરાંત, કલા વિદ્યાશાખાના રાજનીતિશાસ્ત્ર વિભાગનાં પ્રો. દીપ્તિ કે. આચાર્યને દિવ્યાંગજન સંસાધન કેન્દ્રના ડિરેક્ટર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. અગાઉ આ કેન્દ્રની જવાબદારી સંભાળતાં પ્રો. અંજલિ પહાડને કાર્યભાર સોંપવા જણાવાયું છે. કેન્દ્ર દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓને જરૂરી સુવિધા, સહાય અને સમાન તકો પૂરી પાડવાની કામગીરી કરવામાં આવે છે.

યુનિવર્સિટીના વિશેષ ફરજ પરના અધિકારી પ્રો. હિતેશ રવિયાએ જણાવ્યું હતું કે, આ નિમણૂકો શૈક્ષણિક ઉત્કૃષ્ટતા, પારદર્શક વહીવટ અને વિદ્યાર્થીકેન્દ્રી અભિગમને વધુ મજબૂત બનાવશે. નવા અધિકારીઓના અનુભવથી યુનિવર્સિટીની કામગીરીને નવી ગતિ મળશે.

નશામાં કાર હંકારી ઘર્ષણ કરનારા બે ભાઈઓને સજા

PI કિરીટ લાઠિયાએ પોતાની સામેના આક્ષેપો નકાર્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.7

ગોરવા પોલીસ સ્ટેશનના તત્કાલીન પીઆઈ કિરીટ લાઠિયા સામે બે ભાઈઓને પોલીસ સ્ટેશનમાં આખી રાત માર મારવાના આક્ષેપમાં વડોદરાની JMFC કોર્ટે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવાનો હુકમ કરતાં પોલીસ વર્તુળમાં ચર્ચા જાગી છે. માર મારવાને કારણે એક યુવકના કાનનો પડદો ફાટી સાંભળવાની શક્તિ ગુમાવવાનો વારો આવ્યો હોવાનો આક્ષેપ છે. પોલીસ કમિશનર સમક્ષ રજૂઆત છતાં ફરિયાદ નોંધવામાં ન આવતાં યુવકે કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.

બીજી તરફ, પીઆઈ કિરીટ લાઠિયાએ પોતાની સામેના આક્ષેપો નકારી કાઢ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, તા.4 નવેમ્બર, 2024ના રોજ મધુનગર બ્રિજ પાસે દારૂના નશામાં બેફામ અને બેદરકારીપૂર્વક કાર ચલાવી જાહેર જનતાનો જીવ જોખમમાં મૂકવા બદલ બંને ભાઈઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. સ્થાનિક લોકોએ કારચાલકને બહાર કાઢતાં ઘર્ષણ થયું હતું. ત્યારબાદ પોલીસે દારૂના નશામાં વાહન ચલાવવા સહિતની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધ્યો હતો.

પીઆઈના જણાવ્યા મુજબ, કોર્ટમાં સુનાવણી દરમિયાન બંને સામેના આક્ષેપો સાબિત થતાં સજા ફટકારવામાં આવી હતી. મુખ્ય આરોપી સામે અગાઉ પણ ચાર ગુના નોંધાયેલા છે.

યુવકના કાનમાં ઈજા અંગે તેમણે ઘટનાસ્થળે થયેલી મારામારીમાં ઈજા થઈ હોવાની શક્યતા વ્યક્ત કરી હતી. ઈજા ક્યારે અને કેવી રીતે થઈ તે તપાસ બાદ જ સ્પષ્ટ થશે તેમ જણાવી મારપીટના આક્ષેપો ફગાવ્યા હતા. હવે કોર્ટના હુકમ બાદ આગળની કાર્યવાહી પર સૌની નજર છે.

પ્રિલિમ્સ, મેઈન્સ અને ઈન્ટરવ્યૂની ત્રિસ્તરીય પ્રક્રિયા પૂર્ણ

GPSC વર્ગ-૧ અને વર્ગ-૨ નું અંતિમ પરિણામ જાહેર, ૨૯૬ યુવા અધિકારીઓની પસંદગી

ડેપ્યુટી કલેક્ટર, DySP, TDO સહિતની કેડરોમાં મળશે નવી નિમણૂકો

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

ગુજરાતમાં વહીવટી સેવામાં જોડાવાનું સપનું જોતા લાખો યુવાનો માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજ્ય સેવા વર્ગ-1 અને વર્ગ-2 ની ભરતીનું અંતિમ પરિણામ મોડી રાત્રે જાહેર કરી દેવામાં આવ્યું છે. હવે, પસંદગી પામેલા 296 ઉમેદવારોની યાદી રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગને ભલામણ સાથે મોકલવામાં આવશે.

લાંબા સમયથી ચાલી રહેલી આ કઠિન ભરતી પ્રક્રિયાના અંતે કુલ 296 ઉમેદવારોને આખરી પસંદગી યાદીમાં સ્થાન મળ્યું છે. પરિણામ જાહેર થતાં જ સફળ ઉમેદવારો અને તેમના પરિવારોમાં દિવાળી અને નવા વર્ષ જેવો ખુશીનો માહોલ છવાઈ ગયો છે. આ ભરતી માટે ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા, મુખ્ય લેખિત પરીક્ષા અને રૂબરૂ મુલાકાત એમ ત્રણ તબક્કાના કડક મૂલ્યાંકનમાંથી પસાર થવું પડ્યું હતું. તમામ તબક્કા પૂર્ણ થયા બાદ આયોગે અંતિમ મેરિટ તૈયાર કરી છે.

આ વખતે ભરતી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા અને વેઈટિંગ લિસ્ટના અન્ય ઉમેદવારોને તક મળી રહે તે માટે ઓપ્ટ-આઉટનો નવો નિયમ લાગુ કરવામાં આવ્યો હતો. આ નિયમ હેઠળ 46 ઉમેદવારોએ સ્વેચ્છાએ આ કેડરમાં ન જોડાવાનો વિકલ્પ પસંદ કર્યો હતો. આ ઉમેદવારો અગાઉ અન્ય કોઈ સમકક્ષ કે ઉચ્ચ પોસ્ટ પર નિમણૂક પામી ચૂક્યા હોવાથી તેમણે આ વિકલ્પ લીધો હતો. તેના કારણે મેરિટ ધરાવતા અન્ય જરૂરિયાતમંદ ઉમેદવારો માટે રસ્તો સાફ થયો હતો. આ પરિણામ સાથે હવે ડેપ્યુટી કલેક્ટર, ડેપ્યુટી પોલીસ અધિક્ષક , જિલ્લા રજિસ્ટ્રાર, તાલુકા વિકાસ અધિકારી, આસિસ્ટન્ટ કમિશનર ઓફ સ્ટેટ ટેક્સ સહિતની વિવિધ મહત્ત્વપૂર્ણ કેડરોમાં નવી નિમણૂકોનો માર્ગ મોકળો બન્યો છે. હવે આયોગ દ્વારા પસંદગી પામેલા 296 ઉમેદવારોની યાદી રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગને ભલામણ સાથે મોકલવામાં આવશે. દસ્તાવેજ ચકાસણી અને મેડિકલ ફિટનેસની ઔપચારિકતા પૂર્ણ કર્યા બાદ સરકાર ટૂંક સમયમાં નિમણૂક પત્રો એનાયત કરશે.

પ્રતાપનગર-એકતાનગર વચ્ચે સ્પેશિયલ અનરિઝર્વ્ડ મેમુ ટ્રેન દોડશે


(પ્રતિનિધિ) વડોદરા, તા.7

દિવાળી અને છઠ પૂજાના તહેવારને ધ્યાને લઈને મુસાફરોની સુવિધા અને માંગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે પ્રતાપનગર અને એકતાનગર સ્ટેશન વચ્ચે સ્પેશિયલ ફેર પર 8 અને 9 નવેમ્બરે સ્પેશિયલ અનરિઝર્વ્ડ મેમુ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે.

પશ્ચિમ રેલવે વડોદરાના જનસંપર્ક અધિકારી દ્વારા જણાવ્યા મુજબ ટ્રેન નંબર 09173 પ્રતાપનગર-એકતાનગર મેમુ સ્પેશિયલ પ્રતાપનગરથી સવારે 07:35 વાગ્યે ઉપડશે અને સવારે 09:05 વાગ્યે એકતાનગર પહોંચશે. પરત ફરતી વખતે ટ્રેન નંબર 09174 એકતાનગર-પ્રતાપનગર મેમુ સ્પેશિયલ એકતાનગરથી સાંજે 19:00 વાગ્યે ઉપડશે અને રાત્રે 20:30 વાગ્યે પ્રતાપનગર પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં ડભોઈ અને ચાંદોદ સ્ટેશન પર રોકાશે. ટ્રેનોના રોકાણ, સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે વેબસાઈટ પર જઈને જોઈ શકે છે.

કાળું કેમિકલ છોડાતાં આરોગ્ય સામે ખતરો

મહીસાગર નદીમાં દૂષિત પાણી ઠાલવતી કંપની સામે લોકોમાં રોષ



GPCB એ સેમ્પલ લીધા પરંતુ અધિકારીઓની કામગીરી સામે પણ સવાલો

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા જિલ્લાના સાવલી તાલુકા અંતર્ગત આવતા પોઈચા-રાણીયા ઔદ્યોગિક વિસ્તારમાં કેમિકલ પ્રદૂષણની ગંભીર સમસ્યાને લઈને સ્થાનિક ગ્રામજનોમાં ચરમસીમાએ આક્રોશ જોવા મળી રહ્યો છે. વિસ્તારમાં આવેલી સુદીપ ન્યૂટ્રિશન કંપની દ્વારા પાછળના ભાગે આવેલા કોતરમાં છૂપી રીતે પાઈપલાઈન બિછાવીને કાળું ધાંગડુ ઝેરી કેમિકલયુક્ત પાણી પવિત્ર મહીસાગર નદીમાં ઠાલવવામાં આવી રહ્યું હોવાનો સનસનીખેજ આક્ષેપ સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યો છે. આ કાળી કરતૂતની જાણ થતાં જ આસપાસના ગામડાઓના લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને કંપનીના મુખ્ય દરવાજા બહાર ઘેરાવો કરીને ઉગ્ર દેખાવો કર્યા હતા.

ઘટનાની વિગતો મુજબ, છેલ્લા કેટલાક સમયથી મહીસાગર નદીના પાણીમાં દૂષિત કેમિકલની વાસ અને કાળાશ જોવા મળતી હતી. તપાસ દરમિયાન ગ્રામજનોને જાણવા મળ્યું હતું કે સુદીપ ન્યૂટ્રિશન કંપની દ્વારા પોતાના પ્લાન્ટમાંથી નીકળતું પ્રોસેસ વગરનું દૂષિત કેમિકલયુક્ત પાણી પાઈપલાઈન મારફતે કુનેહપૂર્વક નદીના વહેણમાં છોડવામાં આવી રહ્યું છે. આ બાબતે જાગૃત નાગરિકો અને ગ્રામજનો કંપની બહાર એકત્રિત થઈ ગયા હતા અને 'મહીસાગર નદી બચાવો' તેમજ પ્રદૂષણ ફેલાવતી ફેક્ટરી સામે કડક પગલાં ભરવાની માંગ સાથે વાતાવરણ ગજવી મૂક્યું હતું.

મહીસાગર નદી સમગ્ર વડોદરા શહેર અને જિલ્લાના મોટાભાગના ગ્રામીણ વિસ્તારો માટે પીવાના પાણીનો મુખ્ય સ્ત્રોત છે. નદીમાં જ જો આ પ્રકારે કેમિકલયુક્ત ઝેરી પાણી છોડવામાં આવે તો હજારો-લાખો લોકોના આરોગ્ય સામે મોટો ખતરો ઊભો થાય તેમ છે. ઉપરાંત નદીના જળચર જીવો અને આસપાસની ખેતીની જમીનને પણ કાયમી નુકસાન પહોંચવાની ભીતિ સેવાઈ રહી છે. આ ગંભીર બાબતને પગલે સ્થાનિકોમાં પોતાના અને પરિવારના સ્વાસ્થ્યને લઈને ભારે ચિંતા વ્યાપી ગઈ છે.

ગ્રામજનો દ્વારા આ મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત અને વિરોધ કરાતાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ની ટીમ તાબડતોબ સ્થળ પર દોડી આવી હતી. અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચીને કાળા કેમિકલયુક્ત પાણીના સેમ્પલ લઈને આગળની તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે.

આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે

જીપીસીબીની ટીમની કામગીરી સામે પણ સ્થાનિકોએ અસંતોષ વ્યક્ત કર્યો છે. ગ્રામજનોનો સીધો આરોપ છે કે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ આવી કંપનીઓ પ્રત્યે કાયમ ઢીલી નીતિ અપનાવે છે, જેના કારણે બિનધાસ્ત બનીને કંપનીઓ નદીમાં ઝેરી પાણી છોડે છે. સ્થાનિક લોકોએ ચીમકી આપી છે કે જો આ મામલે સત્વરે કંપની વિરુદ્ધ કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરવામાં નહીં આવે અને પાઈપલાઈન બંધ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં સમગ્ર સાવલી તાલુકા કક્ષાએ આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે.

કાળા કારોબાર પર સ્ટેટ મોનિટરિંગ સેલનો સપાટો

કરજણમાં ૨૬.૬૧ લાખના દારૂ સાથે રૂ.૫૦.૨૧ લાખનો મુદ્દામાલ જપ્ત

ઠાકોરવાસની સોસાયટીના મકાનો અને પાર્ક કરેલા 11 વાહનોમાં સુધી દારૂનો જથ્થો સંતાડ્યો હતો, ત્રણ ઝડપાયા અને ત્રણ વોન્ટેડ



(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા ગ્રામ્યના કરજણમાં વિદેશી દારૂના કાળા કારોબારનો પર્દાફાશ કરતાં સ્ટેટ મોનિટરિંગ સેલે એકસાથે અનેક સ્થળોએ દરોડા પાડી દારૂના નેટવર્ક પર સપાટો બોલાવી રહી છે. ત્યારે વધુ એક વાર કરજણ એસ.ટી. ડેપો સામે આવેલા ઠાકોરવાસમાં જોગણી માતાના મંદિર પાસે રેડ કરીને આરોપીઓનાં મકાનોમાં તેમજ સોસાયટીમાં અલગ-અલગ જગ્યાએ પાર્ક કરેલાં વાહનોમાંથી વિદેશી દારૂ અને બીયરનો રૂપિયા 26.61 લાખનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. એસએમસીએ વિદેશી દારૂની આશરે 171 પેટી અને 5,240 બોટલો મળી રૂ.26.61 લાખનો દારૂ કબજે કર્યો છે. એટલું જ નહીં, દારૂના સંગ્રહ અને હેરફેરમાં ઉપયોગમાં લેવાતાં 11 વાહનો, પાંચ મોબાઈલ ફોન તથા અન્ય મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવતાં જપ્તીનો આંકડો રૂ.50.21 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

દરોડા દરમિયાન મહેન્દ્રકુમાર જીતુભાઈ ઠાકોર, પ્રશાંતકુમાર વિસરામભાઈ શાંખલા અને અક્ષયકુમાર જસવંતભાઈ વસાવાને ઝડપી પાડવામાં આવ્યા છે. જ્યારે ચિરાગ રાજુભાઈ ઠાકોર, ડી.કે. નામનો શખસ અને પકડાયેલાં વાહનોના માલિકો કે કબજેદારોને વોન્ટેડ જાહેર કરાયા છે. મોટો સવાલ એ છે કે રહેણાક વિસ્તારો, મકાનો અને વાહનોમાં આટલો મોટો દારૂનો જથ્થો સંગ્રહિત હતો ત્યારે સ્થાનિક પોલીસની નજર કેમ ન પડી? સ્ટેટ મોનિટરિંગ સેલની કાર્યવાહીથી દારૂના નેટવર્કની કડીઓ બહાર આવે તેવી શક્યતા છે.

૧૨ કલાક કામ છતાં યોગ્ય વેતન નહીં, શોષણનો આક્ષેપ

સ્ટર્લિંગ હોસ્પિટલના કર્મચારીઓ બોનસથી વંચિત, મેનેજમેન્ટની મનમાની સામે ૪૫ કર્મીઓનો મોરચો

કોન્ટ્રાક્ટર બદલવાની આડમાં સરકારી લાભોથી કર્મચારીઓને વંચિત રાખવાનો ખેલ?

અવાજ ઉઠાવનારને નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકી અપાતી હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા. 7

વડોદરાની સ્ટર્લિંગ હોસ્પિટલના મેનેજમેન્ટ અને કોન્ટ્રાક્ટર સામે કર્મચારીઓએ આર્થિક શોષણ, મનમાની અને શ્રમ કાયદાના ઉલ્લંઘનના આક્ષેપ કર્યા છે. આશરે 45 કર્મચારીઓએ એકત્રિત થઈ લેબર કમિશનર સમક્ષ રજૂઆત કરી ન્યાયની માગ કરી હતી.



કર્મચારીઓના જણાવ્યા મુજબ, તેમની પાસે નિયત 8 કલાકને બદલે 12 કલાક કામ લેવામાં આવે છે, પરંતુ યોગ્ય વેતન, ઓવરટાઈમ અને સરકારી લાભો આપવામાં આવતા નથી. આઠ કલાકની કામગીરી સામે રૂ.20 હજાર પગારની વાત હોવા છતાં 12 કલાક કામ કરાવાતું હોવાનો આક્ષેપ છે.

કર્મચારીઓએ વધુમાં જણાવ્યું હતું કે દર છ મહિને અથવા વર્ષે કોન્ટ્રાક્ટર બદલવામાં આવે છે. અગાઉ શ્રી હરિ અને જેકે કોન્ટ્રાક્ટર બાદ હવે અમદાવાદના હર્ષ શાહના દ્વારકેશ કોન્ટ્રાક્ટને જવાબદારી સોંપાઈ છે. વારંવાર કોન્ટ્રાક્ટર બદલવાથી નોકરીની સળંગતા અને સરકારી લાભો પર અસર થાય છે. હક્કો માટે અવાજ ઉઠાવતાં નોકરીમાંથી છૂટા કરવાની ભીતિ પણ વ્યક્ત કરી છે. કર્મચારીઓએ સમગ્ર મામલે તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માગ કરી છે.

પ્રી-પ્રાયમરીથી ધો.12 સુધીના બાળકો માટે પ્રશસ્ત 2.0 એપથી શિક્ષણ વિભાગની નવી પહેલ

શાળામાં જ બાળકની મુશ્કેલી પકડાશે હવે દરેક વિદ્યાર્થીનું ડિજિટલ સ્ક્રીનિંગ થશે

દિવ્યાંગતા વહેલી ઓળખીને સમયસર મદદ મળશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

ગુજરાતમાં સમાવિષ્ટ શિક્ષણને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકારે એક મોટું પગલું ભર્યું છે. હવે શાળામાં ભણતા દરેક બાળકની શૈક્ષણિક, વર્તણૂક અને વિકાસલક્ષી મુશ્કેલીઓ શાળા કક્ષાએ જ ઓળખી કાઢવામાં આવશે, જેથી જરૂરિયાતમંદ બાળકને સમયસર યોગ્ય સહાય મળી શકે.

શિક્ષણ વિભાગે આગામી શૈક્ષણિક વર્ષ 2026-27થી રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને માન્ય ખાનગી શાળાઓમાં પ્રિ-પ્રાયમરીથી ધોરણ 12 સુધીના વિદ્યાર્થીઓના સ્ક્રીનિંગ માટે પ્રશસ્ત 2.0 એપ્લિકેશનનો ઉપયોગ ફરજિયાત કર્યો છે. આ એપ્લિકેશનમાં શિક્ષકોએ વિદ્યાર્થીઓના રોજિંદા વર્તન અને દૈનિક અવલોકનના આધારે કુલ 63 પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. આ પ્રશ્નોના આધારે બાળકને સાંભળવામાં તકલીફ, દૃષ્ટિને લગતી સમસ્યા, વાંચન-લેખનમાં મુશ્કેલી, ઓટીઝમ, અતિસક્રિયતા જેવી બાબતોની પ્રાથમિક ઓળખ થઈ શકશે. વિભાગના અધિકારીઓનું કહેવું છે કે, આ એપ કોઈ ડોક્ટરી નિદાન માટેનું સાધન નથી. તેનો હેતુ માત્ર દિવ્યાંગતાના પ્રારંભિક સંકેતો પકડવાનો છે. જેથી બાળકને સમયસર મૂલ્યાંકન, પ્રમાણપત્ર અને સહાય પૂરી પાડી શકાય. સ્ક્રીનિંગ બાદ જરૂર જણાય તો બાળકને વિશેષ શિક્ષકો, તબીબો કે સરકારી હોસ્પિટલના માધ્યમથી આગળની પ્રક્રિયા સાથે જોડવામાં આવશે.

શિક્ષકો માટે તાલીમ ફરજિયાત

સ્ક્રીનિંગની પ્રક્રિયા વૈજ્ઞાનિક અને સંવેદનશીલ રીતે થાય તે માટે શિક્ષકો અને આચાર્યો માટે એપ પર તાલીમી ટ્યુટોરિયલ વીડિયો મૂકવામાં આવ્યા છે. આ વીડિયો જોઈને જ શિક્ષકોએ સ્ક્રીનિંગ કરવાનું રહેશે. જેથી પ્રશ્નોનો અર્થ સમજવામાં ભૂલ ન થાય અને ડેટા એન્ટ્રી સાચી રીતે થાય. પ્રશસ્ત 2.0 એપ્લિકેશન UDISE+ સાથે જોડાયેલી હોવાથી શાળા, શિક્ષક અને વિદ્યાર્થીનો ડેટા આપમેળે મળી જશે. આથી મેન્યુઅલ એન્ટ્રીની ઝંઝટમાંથી મુક્તિ મળશે. સમગ્ર કામગીરી સમયસર પૂર્ણ કરવા માટે બ્લોક અને જિલ્લા કક્ષાના અધિકારીઓને ડેશબોર્ડ દ્વારા સતત દેખરેખ રાખવા સૂચના અપાઈ છે. કોઈ પણ બાળક આ પ્રક્રિયાથી બાકાત ન રહે તેની ખાસ તકેદારી રાખવા આદેશ કરાયો છે.

ઉત્રાણથી જયપુર સ્પેશિયલ ટ્રેનની પ્રથમ ટ્રિપ ૯ નવેમ્બરે, ૮૦% સીટો ફૂલ

દિવાળી અને છઠ પૂજા માટે વડોદરા મંડળની ભેટ, ઉત્રાણથી 539થી વધુ યાત્રીઓનું બોર્ડિંગ, અંકલેશ્વર-ભરૂચ-વડોદરા-ગોધરા સ્ટોપેજ

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

દિવાળી અને છઠ પૂજાના તહેવારોમાં યાત્રીઓની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે ઉત્રાણથી ખાતીપુરા જયપુર વચ્ચે સ્પેશિયલ ટ્રેન શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ સ્પેશિયલ ટ્રેનની પ્રથમ ટ્રિપ તા. 9 નવેમ્બરના રોજ દોડશે.

સુરત ક્ષેત્રના યાત્રીઓ માટે સુરત અને ઉધના પછી હવે ઉત્રાણ સ્ટેશન નવા વિકલ્પ તરીકે ઉભરી રહ્યું છે. સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકસી રહેલા ઉત્રાણથી જયપુર માટેની આ પહેલી સ્પેશિયલ ટ્રેન છે. પ્રથમ ટ્રિપ માટે જ યાત્રીઓનો સકારાત્મક પ્રતિભાવ મળ્યો છે. અત્યાર સુધીમાં ટ્રેનની 80 ટકા સીટો બુક થઈ ગઈ છે. ઉત્રાણ સ્ટેશનથી જ 539થી વધુ યાત્રીઓ બોર્ડિંગ કરશે. આ ટ્રેન વડોદરા મંડળના અંકલેશ્વર, ભરૂચ, વડોદરા અને ગોધરા સ્ટેશનો પર રોકાશે. ટ્રેન નંબર 09131 ઉત્રાણ-ખાતીપુરા સ્પેશિયલ દર સોમવારે બપોરે 2:15 કલાકે ઉત્રાણથી ઉપડશે અને બીજા દિવસે મંગળવારે સવારે 10:00 કલાકે ખાતીપુરા પહોંચશે. આ ટ્રેન તા. 9 અને 16 નવેમ્બર 2026ના રોજ દોડશે. મંડળ રેલવે મેનેજરના નેતૃત્વમાં અત્યાર સુધીમાં યુપી, બિહાર, કોલકાતા સહિત ઉત્તર અને દક્ષિણ ભારત માટે 40થી વધુ ટ્રિપ સંચાલિત થઈ છે. ઉત્રાણ સ્ટેશન પર યાત્રીઓ માટે હોલ્ડિંગ એરિયા પણ બનાવાયો છે. સુરક્ષા માટે આરપીએફ, જીઆરપી, સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ તૈનાત રહેશે.

TAT-HS મુખ્ય કસોટીનું પરિણામ ૪૭,૬૪૪ માંથી ૧૬,૮૮૭ ઉમેદવાર ક્વોલિફાઈ

સામાન્ય કેટેગરી માટે ૧૨૦ અને અન્ય કેટેગરી માટે ૧૧૦ ગુણ મેરિટમાં સમાવેશ માટે નક્કી :

૧૮ થી ૨૧ નવેમ્બર સુધી ગુણ ચકાસણી માટે અરજી કરી શકાશે :

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલી શિક્ષક અભિરુચિ કસોટી ઉચ્ચત્તર માધ્યમિક-2026 ગુજરાતી માધ્યમની મુખ્ય કસોટીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ગત 8 ઓગસ્ટ 2026ના રોજ લેવાયેલી આ કસોટીનું પરિણામ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરાયું હતું.

રાજ્યમાં નોંધાયેલી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટે આ કસોટી ફરજિયાત છે. પ્રાથમિક કસોટીમાં ક્વોલિફાઈ થયેલા કુલ 50,066 ઉમેદવારો મુખ્ય પરીક્ષા માટે પાત્ર બન્યા હતા. મુખ્ય કસોટીમાં કુલ 47,644 ઉમેદવારો હાજર રહ્યા હતા, જ્યારે 2,422 ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. હાજર રહેલા ઉમેદવારોમાંથી 16,887 ઉમેદવારો ક્વોલિફાઈ થયા છે, જ્યારે 30,754 ઉમેદવારો ડિસક્વોલિફાઈ થયા છે.

શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ, સામાન્ય કેટેગરીના ઉમેદવારો માટે મુખ્ય પરીક્ષામાં ઓછામાં ઓછા 60 ટકા એટલે કે 120 ગુણ મેળવનાર ઉમેદવારોનો મેરિટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે. જ્યારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ અને દિવ્યાંગ કેટેગરીના ઉમેદવારો માટે 55 ટકા એટલે કે 110 ગુણની લાયકાત નક્કી કરાઈ છે.

પરિણામ બોર્ડની વેબસાઈટ પર બેઠક નંબર અને જન્મતારીખની મદદથી જોઈ શકાશે. ઉમેદવારોને પરિણામની નકલ ડાઉનલોડ કરી ભવિષ્યના ઉપયોગ માટે સાચવી રાખવા સૂચના આપવામાં આવી છે. ભરતી અને મેરિટ સંબંધિત નિર્ણય ભરતી પસંદગી સમિતિ દ્વારા લેવામાં આવશે અને તેનો નિર્ણય આખરી રહેશે. ગુણ ચકાસણી માટે ઉમેદવારો તા.18 નવેમ્બરથી તા.21 નવેમ્બર દરમિયાન ઓનલાઈન પોર્ટલ પર અરજી કરી શકશે. આ માટે નિર્ધારિત સમયમર્યાદામાં જ અરજી કરવી પડશે. ત્યારબાદ મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં.